### કલ્યાણપુરના નંદાણામાં વૃદ્ધ પર આકાશી વીજળી ત્રાટકી:

# જામનગર-મોટી ખાવડીમાં તબીયત લથડતા બે વૃદ્ધના મૃત્યુ

જામનગર તા. ૨૩: જામનગરના માણેકનગર-રમાં રહેતા એક વૃદ્ધનું તબીયત બગડ્યા પછી મૃત્યુ થયું છે. મોટી ખાવડીમાં વસવાટ કરતા પરપ્રાંતિય શ્રમિકને માથામાં દુખાવો થવા લાગ્યા પછી સારવારમાં મૃત્યુ નિપજ્યું છે. કલ્યાણપુરના નંદાણા ગામના વૃદ્ધ પર આકાશી વીજળી ત્રાટકી છે.

જામનગરમાં સમર્પણ હોસ્પિટલથી આગળ આવેલા ન્યુ જામનગર નજીકના માણેક નગર-રમાં રહેતા મહેશભાઈ મુળશંકર રાવલ (ઉ.વ.૬૧) નામના વૃદ્ધ સોમવારે સાંજે પોતાના ઘરે હતા ત્યારે તેઓની તબીયત લથડતા સારવાર માટે દવાખાને લઈ જવામાં આવ્યા હતા જ્યાં આ વૃદ્ધનું મૃત્યુ થયાનું પુત્ર હાર્દિકભાઈએ પોલીસમાં જાહેર કર્યું છે.

જામનગર-ખંભાળિયા માર્ગ પર આવેલા મોટી ખાવડી ગામ નજીક વસવાટ કરતા ભોલુરામ મુન્શીરામ (ઉ.વ.૪૫) નામના પરપ્રાંતિય શ્રમિક રવિવારે સવારે પોતાના રહેણાંકના સ્થળે હતા ત્યારે તબીયત બગડ્યા પછી માથામાં દુખાવો ઉપડતા સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. કુલવંતસિંગ સુનેરીસિંગ રજપૂતે પોલીસને વાકેફ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામના કાળુભાઈ માંડણભાઈ પરમાર (ઉ.વ.૬૧) નામના વૃદ્ધ ગયા શનિવારે ભેંસ ચરાવવા માટે સીમમાં ગયા હતા ત્યારે તેમના પર આકાશી વીજળી ત્રાટકી હતી. આ વૃદ્ધનું મૃત્યુ નિપજ્યાનું પરસોત્તમભાઈએ જાહેર કર્યું છે.

### મુખ્યમંત્રી એકનાથ શિંદે કોપરી પાચપાખાડીથી લડશે ચૂંટણી:

# શિવસેના (શિંદે)એ જાહેર કરી ૪૫ ઉમેદવારોની યાદી

મુંબઈ તા. ૨૩: શિવસેના (શિંદે) એ ૪૫ બેઠક પર ઉમેદવારો જાહેર કર્યા છે. એકનાથ શિંદે કોપરી પાચપાખાડીથી ચૂંટણી લડશે.

મુખ્યમંત્રી એકનાથ શિંદેની પાર્ટી શિવસેનાએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. રાજ્યના સીએમ એકનાથ શિંદ કોપરી પાચપાખાડી બેઠક પરથી ચૂંટણી લડશે. શિવસેનાએ મંગળવારે (૨૨ ઓક્ટોબર) ૪૫ બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

સંજય ગાયકવાડને બુલઢાણાથી ટિકિટ આપવામાં આવી છે. અબ્દુલ સત્તારને સિલ્લોડથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. છત્રપતિ સંભાજીનગર પશ્ચિમમાંથી સંજય શિરસાટને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. પાર્ટીએ દાદાજી ભૂસેને માલેગાંવ બાહ્યથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. પ્રતાપ સરનાઈક ઓવલા માજીવાડાથી ચૂંટણી લડશે. પ્રતાપ સરનાઈક મહારાષ્ટ્રની ઓવલા માજીવાડા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. તાનાજી સાવંતને પરંડાથી ટિકિટ આપવામાં આવી છે. દીપક કેસરકર સાવંતવાડીથી ચૂંટણી લડશે. પાર્ટીએ પાટણથી શંભુરાજ દેસાઈ અને ભાયખલાથી યામિનીને ટિકિટ આપી છે.

મહારાષ્ટ્ર નવનિર્માણના અમિત રાજ ઠાકરે મુંબઈની માહિમ વિધાનસભા બેઠક પરથી એકનાથ શિંદે જુથની શિવસેનાએ ઉમેદવાર રાખ્યા છે. વર્તમાન સદા સરવણકરને ફરી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. અમિત ઠાકરે મનસે પ્રમુખ રાજ ઠાકરેના પુત્ર છે. રવિન્દ્ર વાયકર જોગેશ્વરી પૂર્વ બેઠકના સાંસદની પત્ની અને પૈઠણના સાંસદ સંદીપન ભુમરેના પુત્રને ટિકિટ મળી છે. આ યાદીમાં મોટાભાગના વર્તમાન ધારાસભ્યોને ફરીથી ટિકિટ મળી છે અથવા તેમના પરિવારના સભ્યોને ટિકિટ મળી છે. મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં સાથી પક્ષો સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડી રહ્યા છે. રાજ્યમાં હાલમાં મહાયુતિ ગઠબંધનની સરકાર છે અને એકનાથ શિંદે રાજ્યના મુખ્યમંત્રી છે, જ્યારે ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર છે. ૨૦ નવેમ્બરના એક જ તબક્કામાં રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. ચૂંટણીના પરિણામો ૨૩ નવેમ્બરના જાહેર કરવામાં આવે.

### ભેજનું પ્રમાણ ૯૪ ટકા: બફારો યથાવત્:

# જામનગરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ સ્થિર

જામનગર તા. ૨૩: જામનગરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮ ટકા વધીને ૯૪ ટકાએ પહોંચતા ગઈકાલે પણ બફારો અનુભવાયો હતો. મહત્તમ તાપમાન ૩૪ ડીગ્રીએ સ્થિર રહ્યું હતું.

જામનગરમાં વાદળોની આવન-જાવન વચ્ચે આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૮ ટકાના વધારા સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૪ ટકા રહ્યું હતું. ભેજના આટલા વધુ પ્રમાણના પગલે ગઈકાલે પણ બફારો યથાવત્ રહ્યો હતો. અસહ્ય બફારાના પગલે પંખા તથા એસીથી દૂર માત્ર થોડીવાર કામ કરવાની સાથે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતાં.

નગરમાં છેલ્લા ત્રણ દિવસથી કોઈ વધારા કે ઘટાડા વગર મહત્તમ તાપમાનનો પારો ૩૪ ડીગ્રીએ અને છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમ તાપમાન ૨૫.૫ ડીગ્રીએ સ્થિર રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૧૦ થી ૧૨ કિ.મી.ની રહેવા પામી હતી.

## સોના ચાંદીના ભાવ

| | |
|---|---|
| ૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ) | 8,14,000 |
| ૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ) | 72,700 |
| ૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ) | 62,500 |
| ચાંદી-૯૯૯ (૧ કીલો) | 01,01,000 |


**IT'S OUR DAY**

DT.23.10.2024, WEDNESDAY

HIRJI SOJPAR SHAH

By: Harish Hirji Shah &. Pannaben Harish Shah. (LONDON)

એમ. પી. શાહ મ્યુનિસિપલ જૂનાશ્રમ










Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752